**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર**
**આદર્શ નિવાસી શાળાઓમાં ધો.૧૧ આર્ટસમાં પ્રવેશ અંગેની જાહેરાત વર્ષ ૨૦૨૧-૨૨**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક કક્ષામાં વધુ સારું શિક્ષણ મળી શકે તે હેતુથી નિયામક, વિકસતી જાતિ કલ્યાણ હસ્તક ગુજરાત રાજ્યમાં ૩૩ આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. આ શાળાઓમાં વિદ્યાર્થીઓને શિક્ષણ, ભોજન, ગણવેશ, બૂટ-મોજા, સ્ટેશનરી અને નિવાસ જેવી સુવિધાઓ વિના મૂલ્યે પુરી પાડવામાં આવે છે.

આ આદર્શ નિવાસી શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે ધો.૧૧ આર્ટસમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા અને સરકારશ્રીએ ઠરાવેલ માપદંડોની પાત્રતા ધરાવતાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પાસેથી પ્રવેશ માટે **esamajkalyan.gujarat.gov.in** પર **તા.૦૩/૦૭/૨૦૨૧ થી તા.૨૬/૦૭/૨૦૨૧ સુધી** ઓનલાઈનથી અરજીઓ મંગાવવામાં આવે છે. શાળાની યાદી તથા વધુ માહિતી **esamajkalyan.gujarat.gov.in** વેબસાઇટ પરથી મેળવી શકાશે.

( એન.એ.નિનામા IAS )
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

સ્થળ:- ગાંધીનગર
તા.૦૨/૦૭/૨૦૨૧